19) ક્રિષ્ના હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, ઘુમા ખાતે સરકારી કર્મચારીઓએ લીધેલી તબીબી સારવારનો ખર્ચ મજરે આપવા અંગે

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમએજી-10/2000/સીએમ-18-અ.
સચિવાલય, ગાંધીનગર, તા. 1-1-2000

વંચાણે લીધા :- (1) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એમએજી/1-88/2616,

(2) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એમએજી/1093/2327-862-(99) અ, તા 26-3-99

(3) કમિશ્નરશ્રી આરોગ્ય સેવાઓ (તબીબી વિભાગ) ગાંધીનગરનો પત્રક્રમાંક : ક-7-તસા/ માન્યતા/ક્રિષ્ના હો./અમદાવાદ/2000 તા. 4-7-2000

ઠરાવ :- ઉપર સંદર્ભમાં દર્શાવેલ તા 30-12-88 ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ નિયમો અને તેમાં વખતોવખત કરવામાંમાં આવેલ સુધારાઓની જોગવાઈઓને આધીન સરકારી કર્મચારીઓ, અધિકારીઓ પેન્શનરો તેમજ તેઓના આશ્રીત કુટુંબીજનોની તબીબી સારવારનો ખર્ચ મજરે આપવામાં આવે છે સંદર્ભમાં દર્શાવેલ કમિશ્નરશ્રી, અમદાવાદ. ઉક્ત નિયમો હેઠળ હૃદયરોગની સારવાર માટે માન્યતા આપવાની દરખાસ્ત સરકારશ્રીમાં રજૂ કરવામાં આવેલ હતી.

2. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે ક્રિષ્ના હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, ઘુમા અમદાવાદને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-1988 હેઠળ હૃદયરોગની સારવાર માટે નીચેની શરતોને આધીન રહીને માન્ય હોસ્પિટલ ગણવાની આથી મંજૂરી આપવામાં આવે છે :

(1) ઉક્ત ઈન્સ્ટિટ્યૂટમાં હૃદયરોગની સારવાર લેતાં અગાઉ તબીબી સારવારના નિયમોના નિયમ-8(1)-(ખ) ની જોગવાઈ મુજબ અધિકૃત ચિકિત્સકની ભલામણ અને અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ) કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓની કચેરી, ગાંધીનગરની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે.

(2) ફકરા-2(1) મુજબ અધિકૃત ચિકિત્સકના ભલામણ અને અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ)ની પૂર્વમંજૂરી મેળવીને સરકારી કર્મચારી, અધિકારી, પેન્શનર કે તેઓના આશ્રિત કુટુંબીજનોએ (ઉક્ત હોસ્પિટલમાં હૃદયરોગની સારવાર મેળવેલ હોય તેવા કિસ્સાઓમાં તબીબી સારવારના નિયમો 1988 ના અન્ય જોગવાઈઓને આધીન હોસ્પિટલમાં લેવામાં આવતા ઈકોનોમી ચાર્જીસ મુજબનો ખર્ચ મજરે મળવાપાત્ર થશે. જયારે અસાધારણ સંજોગોમાં અધિકૃત ચિકિત્સકની ભલામણ તેમજ અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ) ની પૂર્વમંજૂરી મેળવવામા આવેલ ન હોય અર્થાત્ નિયમ-8(1)(ગ) નું પાલન થયેલ ન હોય તેવા કિસ્સાઓમાં સારવારનો ખર્ચ ઉપર સંદર્ભમાં દર્શાવેલ તા 26-3-99 ના ઠરાવથી નિયત કરેલ દરો અથવા ખરેખર ખર્ચ બેમાંથી જે ઓછુ હોય તેટલો ખર્ચ મજરે મળવાપાત્ર થશે.

(3) અધિકૃત ચિકિત્સકના તરીકે હેડ ઓફ કાર્ડિયોલોજી ડિપાર્ટમેન્ટ અથવા હેડ ઓફ કાર્ડિયોથોરાસીક

સર્જરી ડિપાર્ટમેન્ટ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ગણવાના રહેશે.

(4) ભવિષ્યમાં સંસ્થામાં લેવાતા ચાર્જિસમાં વધારો કરવામાં આવે ત્યારે તેવા ચાર્જિસનો અમલ કરતા પહેલાં સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(5) આ હુકમોનો અમલ આ ઠરાવની રવાનગી તારીખથી કરવામાં આવશે.

3. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. 22-11-2000 મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, વીણાબહેન ગાંધી

સરકારના નાયબ સચિવ,

આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ

• • • •